# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : કલ્પના શાહ**

**કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક**

**તારીખ- ૧૧-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

-------------------------------------------------------------------------------------

## <u>ગુજરાત ગુણવતા સંકલ્પ કાર્યક્રમનો પ્રારંભ :</u>

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ ખાતે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત 'ગુજરાત ગુણવત્તા સંકલ્પ' કાર્યક્રમનો પ્રારંભ કર્યો.આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુણવત્તાભર સેવા-સુવિધાઓ સાથે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત હવે વેપાર અને રોકાણ માટે વૈશ્વિક કેન્દ્ર બન્યું છે.

તેમણે યોજનાકીય લાભોને મહત્તમ લોકો સુધી પહોંચાડવાના પ્રયાસોમાં ગુણવત્તાનું પાસું જોડી નાગરિકોના ‘ઇઝ ઓફ લિવિંગ’માં વધારો કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં શિક્ષણ, કૌશલ્ય, ઉદ્યોગ, એમએસએમઇ, આરોગ્ય, પર્યટન, સંસ્કૃતિ અને રમતગમત, સામાજિક વિકાસ અને ઇ-કોમર્સ પર ભાર મૂકવામાં આવશે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------------------------

## <u>નીટ યુજી-સુનાવણી મોકૂફ :</u>

સર્વોચ્ચ અદાલતે નીટ યુજી પરિક્ષામાં કથિત ગેરરિતી મુદ્દે કરવામાં આવેલી સંખ્યાબંધ અરજીઓ પરની સુનાવણી 18 જુલાઇ પર મોકૂફ રાખી છે.સીબીઆઇએ આ મુદ્દે તેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાથી મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડની બનેલી બેન્ચે સુનાવણી મોકૂફ રાખી હતી.

**RNU અમદાવાદ**

---

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ-વિવિધ યોજના:

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સમાજના પછાત વર્ગોના સશક્તિકરણ અને આર્થિક કલ્યાણ દ્વારા વિકાસને કેન્દ્રમાં રાખી અનુસૂચિત જાતિઓ,વિકસતી જાતિઓ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના છાત્રો માટે વિવિધ યોજનાઓ અમલમાં છે.જે અંતર્ગત શૈક્ષણિક સત્ર શરૂ થઇ ગયું છે ત્યારે સ્કોલરશીપ માટે પ્રક્રિયા હાથ ધરાશે.આ અંગે માહિતી આપતા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી બી.એન. રાઠવાએ આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઇટ : બી.એન. રાઠવા)

**પરેશ મારૂ**

---

## જાહેરનામું :

જિલ્લાના અબડાસા તાલુકા દેશલપર-નલીયા વચ્ચે આવેલા ભવાનીપર ગામ પાસેનો બ્રિજ ભારે વાહન વ્યવહાર માટે ભયજનક હોઇ તેના પરથી ભારે વાહન પસાર કરવા ભયજનક છે.જેથી અકસ્માતના બનાવ બનતા અટકાવવા માટે તેના

ઉપર નિયંત્રણ લાવવા માટે ભારે/અતિભારે વાહનોને આ બ્રીજ પરથી અવર જવર બંધ કરાવી નવા વૈકલ્પિક માર્ગ મોથાળા-કોઠારા-નલીયા રોડ પરથી અવર જવર કરવા માટે જાહેરનામું બહાર પડાયું છે.

**માહિતી ખાતું**

---

## કચ્છી ખારેક :

જીઆઇટી ટેગ ધરાવતી કચ્છી ખારેક પોતાના સ્વાદથી દેશ-વિદેશમાં જાણતી બની છે.ત્યારે જીલ્લાના ઝરપરા,મુંદરા,મઉં,ગઢશીશા,માંડવી,નાની ખાખર,ધ્રબ, સહીતના કિસાનો ખારેકનું વાવેતર કરી સારી એવી કમાણી કરી રહ્યા છે.જીલ્લામાંથી મોટા પ્રમાણમાં ખારેક લંડન,સ્વિડન,ઓસ્ટ્રેલિયા,અમેરિકા,જર્મની,જાપાન,દક્ષીણ આફ્રિકા સહિતના દેશોમાં પહોંચી છે.આ વર્ષે ભારે ગરમી પડવાથી ફાલ વહેલો લચી પડયો છે.જેને પગલે મોટા પ્રમાણમાં ખારેક બજારમાં ઉપલબ્ધ થશે અને વિદેશોમાં નિકાસ થશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે.

**પરેશ મારૂ**

---

## જીલ્લામાં વરસાદ-ડેમોની સ્થિતિ :

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે.ત્યારે જીલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી વિગત અનુસાર આજે મુન્દ્રા ખાતે ૨ મિમી વરસાદ સિવાય મેઘરાજાએ વિરામ લીધો છે.જીલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે મધ્યમ સિંચાઇના નિરોણા, મથલ, કાયલા, ગજોડ, કારાઘોઘા અને ટપ્પર મળી છ ડેમમાં નવાં નીરની આવક થઈ છે.કારાઘોઘા ડેમમાં ૭૮ ટકા જળરાશિનો સંગ્રહ થતાં ડેમને એલર્ટ પર રખાયો

છે.જિલ્લામાં હાલ ડેમોમાં ૨૨.૨૦ ટકા જેટલું પાણી સંગ્રહિત છે.મથલ ડેમમાં ૧૨ ફૂટ પાણીની આવક થયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

**NP-કલ્પના શાહ**

---

## વિશ્વ વસ્તી દિવસ :

**આજે દેશ અને દુનિયાભરમાં વિશ્વ વસતી દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા છે.વિશ્વની વધતી જતી વસ્તીને કારણે સર્જાતી તકો તેમજ પડકારોને ધ્યાનમાં રાખીને પ્રતિ વર્ષ ૧૧મી જુલાઈના રોજ આ દિવસ મનાવવામાં આવે છે.વસ્તી સંદર્ભેની સમસ્યાઓના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી સંયુક્ત રાષ્ટ્ર વિકાસ પરિષદ દ્વારા ૧૯૮૯ થી આ દિવસ મનાવવાની શરૂઆત કરાઈ હતી.**

**RNU અમદાવાદ**

---

## હવામાન :

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૩ દિવસ માટે મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.સાઇકલોનિક સર્ક્યુલેશનના લીધે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર,ઉત્તર ગુજરાત,મધ્ય ગુજરાત અને દક્ષીણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કર્યું છે.સાથે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરી છે.

**NP-કલ્પના શાહ**

---